ગાંધીનગર સમાચાર






## સલામી સવારની..

*રોજ શહીદીથી સુરક્ષાનું થાય વસ્ત્રાહરણ!*
*અ-સુરક્ષિત માછીમારોનું થાય અપહરણ!*
*હરણ થાય છે લોકશાહીમાં માન-સન્માનનું -*
*ઢોંગી-દંભી ના કાગળના વાઘનું થાય'હરણ...*

### હાઈકુ

*ન ખેલાડીઓ*
*સ્પિન મેદાન જ છે -*
*શાબાશી પાત્ર!*

*પહોંચ્યા પાછા -*
*હાર્યા હતાશ લોકો -*
*'રામ મંદિરે'*

## ચિંતન

**વિકૃતિ પ્રિયાઃ નીચાઃ । ૧ નીચસ્તય ભતિને દાતવ્યાઃ । ૨**
**તેષુ વિશ્વાસો ન કર્તવ્યઃ । ૩**

નીચ, દુષ્ટ, લુચ્ચા લોકો સદાય વિકૃતિ પ્રિય હોય છે(૧) તેમણે કદાપિ બોધ-સાચી સલાહ ન આપવી, ઉપદેશ ન અપાય (૨) એમનો કદાપિ વિશ્વાસ ન કરવો (૩)

'ચાણક્યનીતિ'નાં આ સૂત્ર છે.

નીચ લોકો નકારાત્મક વિચારધારા ધરાવનારા દુષ્ટ હોય છે તેમને વૃત્તિ-વિચાર સદાય ખંડનાત્મક-દુરાચારી અને નિર્દયી હોય છે. તેઓ પોતાના દુષ્ટ નિર્ણયો અને આચરણ પર મક્કમ હોય છે તેથી તેમને કોઈ સલાહ-સૂચન-બોધ-ઉપદેશ અસર કરતો નથી. સમજાવટ એમને માટે નિરર્થક છે.

તેમનો કદી સંગાથ-સાથ ન કરવો, દુષ્ટ લોકો સાથે કોઈ સંબંધ-વ્યવહાર પણ ન રાખવો - એ અવિશ્વસનીય છે. મીઠું-મધુર બોલીને વિશ્વાસ પ્રાપ્ત કરી - ઘાત કરે છે. તેમનો કદી પણ વિશ્વાસ ન કરવો.

## સુવિચાર

- જેમ ક્રોધની હાજરીમાં જો સર્જન થતું નથી... તો પછી પ્રેમની હાજરીમાં વિધ્વંસ શક્ય જ નથી - **પ્રેમસૂત્ર**
- તૈયારી કરવામાં નિષ્ફળ જવાનો અર્થ એ છે કે નિષ્ફળતા માટેની તૈયારી કરવી - **બેન્જામિન ફ્રેંકલીન**
- તમારું ધન લાયક હોય તે વ્યક્તિને જ આપો... સાગરના જે પાણીથી વાદળી બંધાય છે એ જ મીઠું હોય છે - **ચાણક્ય**
- જે ધર્મના કેન્દ્રમાં માનવ હોતો નથી, એ ધર્મ માનવ માટે હોતો નથી - **કુમારપાળ દેસાઈ**
- શક્તિ તો છે તફાવતોમાં... નહીં કે તત્વોમાં - **સ્ટીફન કોવી**
- જે અમીસ શક્તિ તમારામાં સુષુપ્ત પડેલી છે, તેને એ વધુ સુષુપ્ત ન રાખો - **ઝેન કથન**
- બચાવ અને સફળતાનો આધાર છે... ઝડપ અને કલ્પના - **નારાયણ મૂર્તિ**

(સંકલન : દીપક વી. આસરા)

## બોધકથા

રાજકારણી ચૂંટણીઓ એકમેકને ગમે-તેમ, ગમે તેવું બોલે પણ સ્વાર્થ વખતે એકના એક બધા લાલુઓ-નીતીશ જ છે. બે સ્પર્ધક મુખ્યમંત્રીઓ ચા પીવા મળ્યા, એક પૂછ્યું તમે પ્રચારમાં આટલું બધું નાણું ક્યાંથી લાવ્યા? જવાબ - ઉદ્યોગપતિઓનું કાળું નાણું પછી બીજાએ પૂછ્યું, તમે ક્યાંથી આવ્યા? વિદેશના આતંકી જૂથોએ તમને હરાવવા જ આપ્યા... આમ બધા ચોરના સગાભાઈઓ જ છે.

એક લુચ્ચો વેપારી-ગધેડા બજારમાં ગધેડાં વેચતો. ગુલામો પાસે મફત ગધેડાંની સેવા-ચાકરી કરાવે - ઘાસ વગેરે ધાક-ધમકીથી મફત લઈ આવે. તેથી તેનાં ગધેડાં સસ્તા ભાવે વેંચાતા હતા.

મુલ્લા નસરુદ્દીન તેની સ્પર્ધામાં આવ્યા અને તેના કરતાં પણ સસ્તા ભાવે ગધેડાં વેંચવા લાગ્યા...

વેપારી મુલ્લાંને મળવા ગયો. પૂછ્યું.

હું ગધેડાના પાલન-પોષણ પર નજીવો ખર્ચ કરી સસ્તામાં ગધેડાં વેંચુ છું. પણ તું તો મારાથી પણ સસ્તા ભાવે વેંચો છો તમને એ ભાવ પોષાય છે કેમ?!

નસરૂદ્દીન ખંધુ સ્મિત સાથે બોલ્યા. બજાર ભરાવાની આગલી રાત્રે જ હું બીજાનાં ગધેડાં ચોરી આવું છું. સસ્તા ભાવે વેંચી નાખું છું..!!

# મોદીની ચાણક્યનીતિ સામે કોંગ્રેસ ચીત!

## તંત્રીસ્થાનેથી....

સંસદમાં 'સંવિધાન પર્વ' ઉજવાઈ ગયું અને શિયાળુ સત્રના પ્રારંભમાં જ મોદી સરકાર સામે બિહારની હારની નામોશી કે અસહિષ્ણુતા જેવા મુદ્દાઓ પર થનાર સંભવિત હોબાળો ટાળી શકાયો તે માટે ભાજપ - કોંગ્રેસનો જેટલો આભાર માને તેટલો ઓછો જ ગણાય. ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રશસ્તિમાં જ બે દિવસ હેમખેમ પસાર થઈ ગયા. જો કે પેહલાં દિવસે લોકસભામાં ગૃહમંત્રી રાજનાથસિંહે અને બીજા દિવસે રાજયસભામાં નાણામંત્રી અરૂણ જેટલીએ કોંગ્રેસ સામે નિશાન તાક્યા અને સોનિયા ગાંધીએ પણ જેમનું બંધારણ ઘડવામાં નામનુંય યોગદાન નથી એવા લોકો બંધારણના નામે સોગંદ લેવાનો દંભ કરતા હોવાનો તીખો કટાક્ષ કર્યો હતો. પરંતુ એ તમામ ઉપરવટ કોંગ્રેસના દલિત અગ્રણી અને લોકસભામાં પક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ મોદી અને એમના મળતિયા લોકો (આરએસએસ, વિશ્વ હિંદુ પરિષદ વગેરે) સામે પ્રગટ કરેલા પુણ્યપ્રકોપથી વડાપ્રધાન ધ્રૂજી ગયા હોય તે બનવાજોગ. ખડગેએ બાબાસાહેબને 'હાઈજેક' કરવાના બીજેપીના પ્રયાસો વિરુદ્ધ બોલવા કરતાં તમે 'બંધારણને અડકી તો જુઓ - પછી દેશમાં કેવી ખૂનામરકી થાય છે તે જોજો -' જેવા ઉગ્ર પ્રત્યાઘાત આપ્યા એટલું જ નહીં, અમે અનાર્યો આ દેશના મૂળ માલિકો છીએ, તમે બહારથી આવેલા છો - એમ કહી બીજેપીના રાજનાથ જેવા નેતાઓ દ્વારા આમિતને નિશાન બનાવી અનેક પ્રતિકૂળતાઓ છતાં બાબા સાહેબે દેશ છોડવાની વાત કયારેય નહોતી કરી, એવા વિધાન સામે ધ્રુજારો વ્યક્ત કરતાં સદન આખું ડઘાઈ ગયું હતું. નરેન્દ્ર મોદી વડાપ્રધાન તરીકે સમગ્ર ચર્ચાનું સમાપન ભાષણ આપવા ઊભા થયા ત્યારે એમના સ્વભાવ વિરુદ્ધ તદ્દન સૌમ્ય ભાષા વાપરીને કોંગ્રેસની વિરુદ્ધ એક પણ શબ્દ પણ ન ઉચ્ચાર્યો. ઉલટાની પંડિત નહેરુની સહિષ્ણુતાનાં વખાણ કર્યા અને સોનિયા ગાંધીએ બંધારણના ઘડવૈયા બાબાસાહેબની સવાસોમી જયંતી પ્રસંગે પહેલી જ વાર સંવિધાન દિવસ ઊજવી, બાબાસાહેબનો શ્રદ્ધાંજલી આપવાનો પ્રસ્તાવ મૂક્યો, એની પણ પ્રશંસા કરી. બાબાસાહેબે જે બંધારણ આપ્યું છે તે 'સામાજિક દસ્તાવેજ' છે એમ જણાવી મોદીએ બધા વર્ગોને સાથે રાખી, કોઈની સામે બદલાની ભાવના વગરનું બંધારણ રચનાર બાબાસાહેબની ભારોભાર પ્રશંસા કરી, એટલું જ નહીં, બંધારણને અમે કયારેય આંચ નહીં આવવા દઈએ એવી સંસદના ફ્લૉર પર જ ખાતરી આપી. ત્યાં સુધી કે આરએસએસના વડાએ કરેલા સમીક્ષાના સૂચનનો પ્રતિસાદ કરતા હોય એવી ભાષા વાપરીને કહ્યું કે બંધારણ બદલવાની હીન ચેષ્ટા આત્મઘાતી પગલું ઠરશે. મોદીની ચાણક્યનીતિની ચરમસીમા 'ચાય પે ચર્ચા' માં પરિણમી. નરેન્દ્ર મોદી માટે બંધારણ એ જ ધર્મગ્રંથ હોય તો હવે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અને વિશ્વ હિંદુ પરિષદ એમની પાસે કેટલી આશા રાખી શકે તે વિચારવા જેવું ખરું!

# સ્વચ્છ સિક્કિમ - યીશેય યોન્ગદા સ્વપ્ન




યીશેગ ડી યોન્ગદા એક એવી નારી કે જેને પોતાના સિક્કિમ રાજયને 'ઝીરો વેસ્ટ ઝોન' બનાવવાનું અભિયાન હાથ ધર્યું છે. વર્ષ ૧૯૯૬માં દિલ્હીની ઈન્દ્રપ્રસ્થ કૉલેજમાંથી સ્નાતકની ડીગ્રી મેળવ્યા બાદ યોન્ગદાએ જેટ એરવેઝની નોકરી સ્વીકારી. નવા માસના ટૂંકા ગાળામાં જ બનાવટી હાસ્ય કરવાની આ નોકરીથી તે કંટાળી ગઈ. સ્ટેટ ગ્રેજ્યુએટ્સ ટીચર્સ એકઝામમાં પ્રથમ ક્રમે રહીને તેને સિક્કિમ રાજય સરકારની શાળામાં શિક્ષકની નોકરી શરુ કરી. ત્યારબાદ તે સ્ટેટ સિવિસ સર્વિસીસમાં જોડાઈ. વર્ષ ૨૦૦૭માં જોઈન્ટ સેક્રેટરી રૂરલ મેનેજમેન્ટ અને ડેવલોપમેન્ટ ડિપાર્ટમેન્ટમાં તેની નિયુક્તિ થઈ અને અહીંયાથી પ્રારંભ થયું તેમનું 'સ્વચ્છતા અભિયાન.'

તેમના નવા હોદ્દાના કાર્યભાર હેઠળ તેમને ટોઈલેટ્સ અને હાથ ધોવાના કાર્યક્રમની જવાબદારી સ્વીકારી. તદ્દન સામાન્ય લાગતા આ કાર્યક્રમમાં રસ દાખવી સાત વર્ષ શૌચાલયની સુવિધાઓ વિષયક કાર્યક્રમો હાથ ધર્યા. વર્ષ ૨૦૦૮માં સિક્કિમ રાજયને 'નિર્મલ રાજય'નો એવોર્ડ મળ્યો હતો. આ રાજય દેશનું એવું પ્રથમ રાજય બન્યું હતું કે જેમાં કોઈ ખુલ્લામાં જાજરૂ જાય તો સજા કરવામાં આવતી હતી. આ કારણે યોગન્દાને રાજય કક્ષાનો ઉત્તમ સેવા એવોર્ડ આપવામાં આવ્યો હતો.

સિક્કિમ રાજયમાં કચરાઓના ઢગલાઓના ડુંગર બનતાં હોવાની સ્થિતિની સમસ્યા હાથ પર લઈને કેરાલા રાજયના માર્ગે ઝીરો વેસ્ટનો અભિગમ વગર નફાએ અપનાવીને સોલીડ વેસ્ટ મેનેજમેન્ટનું કાર્ય હાથ ધર્યું. પ્રથમ ગંગટોક શહેર અને ત્યારબાદ રાજયના અન્ય ગ્રામ્ય વિસ્તારોમાં તેનો અમલ શરુ કરાવવામાં આવ્યો. પહાડી દુર્ગમ વિસ્તારો, ભંડોળની અછત અને વેસ્ટ ડીલરના અભાવ આ આ કાર્યની મુખ્ય સમસ્યાઓ હતી. યોન્ગદાએ પંચાયતો, બ્લોક ઓફિસરો, શાળાના બાળકો અને સામાન્ય લોકોને તાલીમ આપવાનું અને સંવેદનશીલ બનાવવાનું કાર્ય મોટાપાયે હાથ ધર્યું.




સિક્કિમ રાજય આજે સ્વચ્છતાને કારણે જાણીતું બન્યું છે. રાજયની ૧૪ પંચાયતો અને કેટલીક નગરપાલિકાઓ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ હેઠળ ઉત્તમ રીતે વેસ્ટના પ્રકાર પ્રમાણે તેનો રીયુઝ, રીસાયકલ અને રીડયુસ જેવા ઉપાયોથી વેસ્ટ નિકાલનું ઉત્તમ વ્યવસ્થાપન કરે છે. આ રાજયમાં પ્રવાસીઓનું ભારણ પણ વધુ છે અને તેના કારણે વેસ્ટ વ્યવસ્થાપન વધુ કઠીન બને છે.

સ્વચ્છ સિક્કિમના લક્ષ્યની સફળતા માટેના કારણોમાં યોન્ગદાનું નેતૃત્વ અને દૃઢ ઈચ્છા શક્તિ ઉપરાંત સ્થાનિક રાજકીય ઈચ્છાશક્તિ અને પ્રજાનું યોગદાને પણ વિશેષ ભાગ ભજવેલ છે. યોન્ગદાના કહેવા પ્રમાણે તેમના વાહનનો ડ્રાઈવર ક્ષેત્રિય ફેરણાં માટે તૈયાર હોય છે. તેમના પટાવાળા પણ સ્વચ્છતા માટેની પૂરતી કાળજી લે છે. આ પ્રકારનું નાના કર્મીઓથી લઈને ઉચ્ચકક્ષા સુધીનું સામુહિક અભિયાન (મિશન) અન્ય સ્થળોએ બનવું અશક્ય જણાય છે.

યોન્ગદાના કહેવા પ્રમાણે સ્વચ્છતા માટે આપણે આપણી જરૂરિયાતોને મર્યાદિત કરીને 'વેસ્ટ' ઓછામાં ઓછો પેદા થાય તેવું જીવન જીવવું પડશે. અમેરિકા જેવી ભૌતિક સુખ-સગવડો ભોગવવાની ઈચ્છા બધા લોકો રાખશે તો આપણને ચાર પૃથ્વીની જરુર પડશે.

તેઓ હસી મજાકમાં કહે છે કે મને એવી ઈચ્છા થઈ આવે છે કે 'હું પશ્ચિમમાં જાઉં અને જે રીતે સિક્કિમમાં ટુરીસ્ટો કચરો જયાં ત્યાં નાખે છે અને મારા રાજયને ગંદુ કરે છે તે રીતે ટીન, પાણીની બોટલો, પ્લાસ્ટીક વગેરે ગમે ત્યાં નાખું અને ગંદકી ફેલાવીને તેવા પ્રવાસીઓ પ્રત્યે મારો બદલો લઉં.' યોન્ગદાના મિત્રો અને કુટુંબીજનો તેને એક એક્ટીવીસ્ટને બદલે 'ગ્રીન ટેરસીસ્ટ' - હરિયાળી આતંકવાદી કહેવાનું પસંદ કરે છે. કારણ કે તેમને જોતાં જ લોકો હવે પ્લાસ્ટિક રેપરર્સ, બોટલ્સ્ વગેરે સંતાડી દે છે.

એક વ્યક્તિના દૃઢ મનોબળ થકી હાથ ધરાયેલ આ અભિયાનમાં સહુએ પોતપોતાની કક્ષાનું નાનું મોટું જે કાંઈ પ્રદાન આપેલ છે તેને એક રાજયને વિશ્વના નકશા પર સ્વચ્છતા ક્ષેત્રે નમૂનારુપ બનાવીને પ્રસ્તુત કર્યુંછે ત્યારે આપણે સહુ આપણા શહેર-નગર-રાજયને પણ તેના માફક અનુકરણીય બનાવીએ તેવો સંકલ્પ વ્યક્તિગત કક્ષાએ સહભાગી બનીને જરુરથી સંભવ બનાવી શકીએ.

# અસહિષ્ણુતા અને...!!!





અભિનેતા આમીરખાન અને વિવાદને હમેશા ચોલી દામનનો સંબંધ રહ્યો છે. આમીર એક પરફેક્ટનિષ્ટ તરીકે ઓળખાય છે અને એ એના અભિનયમાં દેખાઈ પણ આવે છે પરંતુ અતિપરફેક્ટ થવાના મોહમાં દરેક વખતે નવા નવા વિવાદોમાં ફસાવું એના ભાગ્યમાં લખ્યું છે પછી ચાહે નર્મદા વિરોધનો વિવાદ હોય કે પછી અન્ના હઝારેના મંચ પર દેખાવાનો. અસહિષ્ણુતા પર બોલીને એણે દેશમાં એક નવો વિવાદ ખોલી દીધો. ભલે પત્નીના પાલવની આડમાં એણે પોતાને આવનારા વિરોધોથી બચવાનું વિચાર્યું હોય પણ અંતે તો નિશાના પર આમીર જ આવ્યો. સવાલ આમીરના નિવેદન કે પછી ઉઠેલા વિવાદો અને વિરોધો કરતા પણ એ મહત્વનો છે કે સહિષ્ણુતા અને અસહિષ્ણુતા ક્યાં છે? છે કે નહિ? કેટલી છે? ક્યારથી છે કે નથી ? નેતાઓને નિવેદનબાઝી નો શોખ જ હોય છે એ તો આપણને ખબર છે કે પણ અભિનેતાઓ અને બીજા ક્ષેત્રના લોકો પણ આમાં કુદી પડીને વિવાદને હવા આપતા રહેતા હોય છે. લોકશાહી છે તો બોલવાની આઝાદી છે, વ્યક્ત કરવાની આઝાદી છે અને પોતાના વિચારો રજુ કરવાની પણ.

આ જ જગ્યાએ ચાલી હેબ્દો પર થયેલા હુમલા વખતે લખેલા લેખમાં લખેલું કે ફ્રીડમ ઓફ એક્સપ્રેસનનો ખરો અર્થ અને એ ખરેખર ક્યાં અને કેટલા સંજોગોમાં વપરાવું જોઈએ એના પર લખેલું. પણ અત્યારે સોસીઅલ મીડિયાનું સામ્રાજ્ય છે, પ્રતિક્રિયાઓ તુરંત મળી જાય છે અને એ પ્રતિક્રિયા પરથી ફરી એક નવા વિવાદોનો જન્મ પણ થઈ જાય છે. અને અધૂરામાં પૂરું મીડિયા. પલ પલકી ખબરના ઓઠા નીચે સમાચારોની શુ અસરો પડશે એ વિચાર્યા વગર સતત અપડેટ આપવાના મોહમાં હરેક ટોમ ડીક અને હેરીની ક્રિયા - પ્રતિક્રિયા ઓન એર થતી રહે છે અને સરવાળે થાય છે એવું કે મૂળ મુદ્દો ક્યાંક દુર જતો રહે અને ફક્ત ચરચરાહટ, ચટપટાહટ અને ઝણઝનાહટ ટીવીના પડદે સતત અને ઘણી વાર બેમતલબ વહ્યા કરે છે, દૃશ્યાં કરે છે અને ખાસ ખબરે અને વિશેષના નામે આવતા રહે છે - જતા રહે છે.

ચર્ચા સારી વાત છે અને એમાયે ખાસ કરીને દેશ માટેની હોય તો વધુ ઉત્તમ. દેશને લગતા મુદાની ડીબેટ હોવી જરૂરી છે - થવી જરૂરી છે પણ બશર્ત કે એ સ્વસ્થ અને બેતરફી હોવી જોઈએ. દેશને લગતા મુદ્દામાં દેશવાસીઓ ભાગ લે, પોતાના વિચારો વ્યક્ત કરે અને કોઈક નિષ્કર્ષ આવે એનાથી રૂડું શું ? અસહિષ્ણુતા વિષે પાછલા દિવસોમાં ચાલી રહેલી ચર્ચાઓ (આમ તો સ્ટેટમેંટો જ છે બધા) ના નીચોડને ચગાવ્યા વગર કહી શકાય છે જગતનો કોઈ પણ દેશ એવો નથી કે જે સમ્પૂર્ણ સહીષણું હોય. એનાથી પણ એક સ્ટેપ આગળ કહેવું હોય તો કહેવાય કે જગતની કોઈ પણ કોમ સમ્પૂર્ણ સહીષણું હોય. શક્ય જ નથી. જગતનો કોઈ પણ દેશ એવો દાવો નથી કરી શકે એમ કે હા અમે સહીષણું છીએ. જગતના લગભગ બધા જ દેશોમાં ધાર્મિક કે પછી સામાજિક અસહિષ્ણુતા છે, છે અને છે જ. ટેકનીકલી અને બેઝીકલી પણ સમ્પૂર્ણ સહીષનું કોઈ દેશ કે કોઈ દેશની પ્રજા થઈ શકે જ નહિ કેમકે ટકરાવ - એ પછી ચાહે ભાષાનો હોય, ધર્મનો હોય કે પછી રીત-રિવાજોનો હોય એ ચાલુ જ રહેવાનો - સદાયે રહેવાનો પછી એ ભારત હોય, અમેરિકા હોય કે પછી ઈવન સીરિયા કે પાકિસ્તાન હોય.

અસહિષ્ણુતા તો જગતભરમાં છે અને રહેશે અને ભારતમાં પણ. યસ, એ તો કબુલ કરવું જ પડે કે વી આર નોટ ટોલરન્ટ...!!! હા તો એમાં ખોટું શું છે ? જરૂરી નથી કે સમાજ સહિષ્ણુ જ હોય અને એમાયે ખાસ કરીને ભારત જેવા વિવિધતામાં એકતા જેવા દેશમાં. ના સમજાયું હોય તો આ આંકડા પર નજર કરો. ૧૨૫ કરોડની આબાદીવાળો દેશ હોય કે જ્યાં ઓછામાં ઓછા એક ડઝન થી વધુ ધર્મો છે...કે જ્યાં ઓછામાં ઓછી ૩૦૦૦ થી વધુ કોમો છે અને એક એવી આબાદી કે જેના જન્મના મૂળથી કે પછી આઝાદી મેળવવાની પ્રોસેસ ના મુજ્લમાં જ જાતિગત કે કોમવાદી કહી શકાય એવી હિંસાઓ નો સમાવેશ થયો હોય એ દેશ સહિષ્ણુ કેવી રીતે હોય શકે ? ડાયવરસીટી નો લાભ ની સાથે સાથે એ પણ નુકશાન છે કે અનેકતામાં એકતા ની થીમ જરૂરી નથી કે દરેક વખતે સર્વોચ્ચ અને શ્રેષ્ઠ જ રહે. યસ, કોમો છે, ધર્મો છે અને આ બધા ની સાથે સાથે બધી કોમો કે ધર્મો ને માનાનારોમાં વિરોધીઓ, કટ્ટરવાદીઓ, ચરમપંથીઓ પણ છે અને રહેવાના. ભારત જેવા દેશ માં - વિશાળ અને આટલી અધધધ વસ્તીમાં એવી વાત કરવી કે ઝીરો ટોલરન્સ જળવાઈ રહે તો તમે ક્યા તો મુર્ખ છો અથવા તો શેખચલ્લી છો !! શક્ય જ નથી ભૈયા...!!




વાત અસહિષ્ણુતાની છે તો ખાલી ધર્મની નજરે શું કામ જુવો છો ? અસહિષ્ણુતા બધ્ધે જ છે. ચાહે ધાર્મિક હોય કે પછી આર્થિક હોય, સામાજિક હોય કે પછી વિચારોની હોય, જાતિગત હોય કે પછી અભિવ્યક્તિની. આ બધામાંથી કોઈ પણ પ્રકારની અસહિષ્ણુતા હોય શકે અથવા હોય છે પણ. આવડા મોટા દેશમાં ધર્મ અને સમાજ ની દૃષ્ટિએ તાકાતવર બનતા જતા સમુદાયો કે લોકોની સંખ્યામાં વધ-ઘટ થતી રહેવાની પણ સાથે સાથે એ વાત નોંધી રાખજો કે જો ધર્મની અસહિષ્ણુતાની વાત કરતા હોવ તો દેશની આઝાદી અને કોમોના ગુણોત્તરની દ્રષ્ટિએ હિંસાત્મક ઘટનાઓની સંખ્યા ઓછી છે. ભારતની સહિષ્ણુતાની સરખામણી જગતના બીજા દેશોની સહિષ્ણુતા સાથે કરવાની જો આદત હોય તો એ નોંધી લેવું બીજા દેશોમાં આની આક્રમકતા અનેકગણી અને ઓલમોસ્ટ એકતરફી છે પણ જગતની સૌથી મોટી લોકશાહીમાં કે જ્યાં બોલવાની આઝાદી પણ કદાચ જગતમાં સૌથી વધુ અને શ્રેષ્ઠ છે એવા ભારત દેશમાં જયારે વાત સહિષ્ણુતાની આવે ત્યારે બીજા દેશોમાં સહિષ્ણુતાની સ્થતિ કેટલી બદતર છે એનો વિચાર, ખ્યાલ કે માપદંડ રાખવો ભૂલી જવાય છે.

સહિષ્ણુતા હોવી જરૂરી છે અને સારી બાબત છે. ડીક્ષનરીમાં સહિષ્ણુનો અર્થ છે 'એક એવા વ્યવહાર, ક્રિયા કે વિચાર સાથે સહમત થવું કે જેની સાથે બેઝીકલી તમે અસહમત છો ''વાત બહુ મોટી છે પણ શક્ય કેટલી છે વિચારવું રહ્યું અને એનું કારણ છે કે સહિષ્ણુતા તો બેતરફી હોવી ઘટે. જો એ એકતરફી હોય તો પછી સામેની બાજુ માટે તો એ જ વાત અસહિષ્ણુ થઈ જાય. માનીએ કે દેશમાં એખલાસનું વાતાવરણ હોવું જોઈએ અને એના મૂળમાં છે સહિષ્ણુતા પણ મુખ્ય વાત એ છે કે એ કોઈ એકનો નહિ પણ સમગ્ર દેશના નાગરીકોની ફરજ છે. નાના હોય કે મોટા, ઓછા હોય કે વધુ, આગળ હોય કે પાછળ પણ જો દેશ તમને કશુક આપતો હોય તો આપણી પણ ફરજ છે કે કોઈને સહિષ્ણુ બનવાની શીખ કે આગ્રહ કરતા પહેલા આપણે ખુદ પણ સહિષ્ણુ બનતા શીખીએ. કોઈ કોમ, ધર્મ કે વ્યક્તિની સહિષ્ણુતા અને અસહિષ્ણુતાની કમ્પેરીઝન કરતા પહેલા એ પણ એટલું જ અગત્યનું છે કે સહિષ્ણુ બનવું કોઈ એક સમાજ, ધર્મ કે કોમ માટે એટલું જ અગત્યનું છે જેટલું કોઈ કોમ, સમાજ કે ધર્મમાં માનનારાઓને કહેવું કે સહિષ્ણુ બનો...!!!

- akurjt@gmail.com

# પ્રેમ, પરિશ્રમ અને પુરુષાર્થથી પ્રારબ્ધ બદલનાર – ડો. ઈન્દિરા ગોસ્વામી




''આ છોકરી અશુભ છે'' એના કટકા કરી એને બ્રહ્મપુત્ર નદમાં ફેંકી દો ''એવું ભાવિ કથન જેના માટે થયું હોય એ નાની છોકરી પ્રેમ, પરિશ્રમ અને પુરુષાર્થથી મોટી થઈને છેક ભારતીય સાહિત્યના સર્વોચ્ચ પુરસ્કાર ''જ્ઞાનપીઠ'' સુધી પહોંચે અને પોતાના સાહિત્યથી વિશ્વ આખાને પ્રભાવિત કરે... એવી ઘટના બને ત્યારે થાય છે કે પ્રેમ અને પુરુષાર્થથી વિધિના લખ્યાં લેખ પણ ભૂંસી શકાય છે.

અસમ પ્રદેશ પૌરાણિક સમયમાં 'કામરૂપ' ના નામે ઓળખાતો હતો એ વખતે (અને આજે પણ) તંત્ર, મંત્ર અને 'કામ' નો પ્રભાવ વિશેષ રૂપે જોવા મળે છે. આવા ઐતિહાસિક પ્રદેશ આસામના ગુવહાટી શહેરમાં તારીખ ૧૪ - નવેમ્બર - ૧૯૪૩ ના રોજ એક બ્રાહમણ પરિવારમાં પુત્રી જન્મે છે અને નામ પડે છે ' મામોની ' આખું બાળપણ મેઘાલયના શિલોંગમાં પસાર કરનાર અને આખાય પરિવારની આ લાડકી પુત્રી ભલે જ્યોતિષી દ્વારા 'અશુભ' ભાવિ લઈને આવી હોય પરંતુ કોણ જાણતું હતું કે આ જ 'મામોની' મોટી થઈને 'રામાયણ' જેવા ગહન ધર્મગ્રંથ ઉપર સંશોધન કરી 'પીએચ.ડી' ની પદવી પ્રાપ્ત કરશે? દિલ્હી વિશ્વ વિદ્યાલયમાં ભારતીય ભાષાઓના વિભાગમાં અધ્યાપિકા બનશે? અને સાહિત્ય અકાદમી-દિલ્હી પારિતોષિક સહિત ભારતીય જ્ઞાનપીઠ પુરસ્કાર અને પદ્મશ્રી પણ મેળવશે...? કે આંતર રાષ્ટ્રીય ક્ષેત્રે ખ્યાતિ મેળવશે?

ડૉ. ઈન્દિરા ગોસ્વામી (મામોની રાયસમ ગોસ્વામી) એ ૧૪/૧૫ વર્ષની ઉમરે પ્રથમ વાર્તા 'મારો હાથી' (ધ એલિફન્ટ) લખી ત્યારથી વર્ષ ૨૦૧૦ ના અંત તેમણે એકાદ ડઝનથી વધુ નવલકથાઓ અને એકાદ હજારથી વધુ વાર્તાઓનું સર્જન કર્યું ત્યા સુધી તેમની કલમ અવિરત ચાલી છે. અનેક વાર્તાઓ, નવલકથાઓ દ્વારા તેમણે અસમિયા સંસ્કૃતિ અને ભારતીય સંસ્કૃતિને જગત સામે મૂકી છે.

'દક્ષિણ કામરૂપ કી ગાથા ' એમની સાહિત્ય અકાદમી - દિલ્હી એવોર્ડ વિજેતા નવલકથા છે જેના ઉપરથી ટી. વી. સિરીયલ અને ફિલ્મ પણ બની છે આ નવલકથાનો ગુજરાતી અનુવાદ મારા દ્વારા ટૂંક સમયમાં આવી રહ્યો છે. તો વળી ' છિન્નમસ્તા ' નવલકથા ખુબ જ ચર્ચાસ્પદ બની છે જેમાં આસામમાં ગુવહાટી સ્થિત 'મા કામાખ્યા' શક્તિપીઠ વિશ્વ વિખ્યાત છે. જ્યાં આજે પણ બલિપ્રથા અસ્તિત્વમાં છે. 'છિન્નમસ્તા' પ્રગટ થવાથી કામાખ્યા પીઠના પંડિતોએ ડૉ. ઈન્દિરાજી પર શક્તિપીઠમાં પ્રવેશ કરવા પર પ્રતિબંધ મુક્યો હતો. આ અસમિયા નવલકથાનો હિન્દી અનુવાદ જ્ઞાનપીઠ દ્વારા થયો છે અને ગુજરાતી અનુવાદ મારા દ્વારા થયો છે આ નવલકથાનું નાટ્યરૂપાંતર પણ મેં કરી એનું મંચન ૩૨ કલાકારો દ્વારા ભવ્ય રીતે કરાવ્યું છે આ નાટકના શૉ ગુજરાતના શહેરો ઉપરાંત મુંબઈ ખાતે પણ થયા છે.

ડો. ઈન્દિરા ગોસ્વામી એક પ્રભાવશાળી વ્યક્તિત્વ હતું જેમણે લગ્નના દોઢ જ વર્ષમાં એક અકસ્માતમાં પતિ ગુમાવી વિધવા બનીને જિંદગીની ધગધગતી અગનજ્વાળાઓને એકલા હાથે શાંત કરી સમગ્ર આયખું સદ્કાર્ય, સદભાવ અને સમાજ સેવા તથા સાહિત્ય સર્જનમાં સમર્પિત કરી નારી જાતિનું ગૌરવ વધાર્યું છે

એક સ્ત્રી થઈને આસામના ઉલ્ફા સંગઠનો અને ભારત સરકાર વચ્ચે એક સંવેદનશીલ સેતુ બનીને સમાધાનના વિકલ્પો તેમણે એ સમયે ખોલી આપ્યા હતા. મૃત્યુ અગાઉ અંતિમ ઈચ્છા રૂપે રૂપિયા ૬૦ લાખથી વધુ રૂપિયાનું દાન ગરીબો માટે હોસ્પિટલ બનાવવા આપીને તેમણે પોતાની જન્મભૂમિનું ઋણ અદા કર્યુ છે.

તેમના સાહિત્યિક પ્રદાનની નોંધ વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં લેવાઈ છે. ભારતની તેમજ વિશ્વની ઘણી-બધી ભાષાઓમાં તેમની કૃતિઓના અનુવાદો થયા છે. તેઓએ પોતાની નવલકથાઓનું સર્જન પણ સંશોધનાત્મક રીતે, ઐતિહાસિક મૂલ્ય તથા તથ્યોને આધારે કર્યુ છે. તેમની કથાઓનું પાત્રોનું અને સમયગાળાનું સત્ય ઐતિહાસિક મહત્વ ધરાવે છે દેશ વિદેશની અનેક સંસ્થાઓ દ્વારા સન્માનિત થનાર, પારિતોષિકો મેળવનાર ડૉ. ઈન્દિરાજીએ છેલ્લા એકાદ વર્ષથી મૃત્યુને હોસ્પિટલને દરવાજે ઉભું રાખ્યું હતું. અને અંતે તારીખ ૨૯/ નવેમ્બર/૨૦૧૧ ની મંગલ સવારે ૭.૪૫ કલાકે મૃત્યુદેવના ખોળામાં પોતાના પાર્થિવ દેહને સમર્પિત કરી દીધો હતો. ડૉ. ઈન્દિરાજી સાથે મારો આત્મીય નાતો છેલ્લા આઠેક વર્ષથી હતો. તેઓને મારા પ્રત્યે અપાર સ્નેહ અને વિશેષ ભાવ હતો, તેમના સ્નેહાળ અને સંવેદનશીલ સ્વભાવનો પરિચય મને ઘણી વખત થયો હતો. તેમની સાથે સોમનાથ, જુનાગઢ, રાજકોટ, અમદાવાદ ફર્યાના સંસ્મરણો આજે પણ એટલા જ તાજા છે. તેમના દિલ્હી - વિશ્વ વિદ્યાલયના નિવાસ સ્થાને સાથે બેસીને કરેલું ભોજન અને એમના જીવનના વાગોળેલા સંસ્મરણો, પૂજ્યશ્રી મોરારિબાપુ દ્વારા યોજાતા સંસ્કૃત સત્ર - ૭ (પ્રાદેશિક રામાયણ) માં સતત ત્રણ દિવસ સાથે રહીને કરેલી વાતો, સાહિત્યિક ચર્ચાઓ, ગુવહાટીમાં એમના ભવ્ય એવોર્ડો, સન્માનપત્રો અને પુસ્તકોથી ભરેલા મ્યુઝિયમ જેવા અદભુત નિવાસ સ્થાનમાં તેમણે એમના હાથે અસમિયા સંસ્કૃતિના પ્રતીક સમા ''જાપી'' અર્નેસોરાઈ''થી કરેલું મારું સન્માન અને એ વખતે એમની નવલકથા પરથી મે કરેલ અને ભજવેલ નાટ્યરૂપાંતર ''મા છિન્નમસ્તા'' ના બધા જ કલાકારો સાથેના વિશાળ ફોટાની મે આપેલ પ્રતીક ભેટ, એ બધી ક્ષણોને વાતચીત દ્વારા તથા કેમેરામાં યાદગાર બનાવ્યાના સુખદ સંસ્મરણો આજે પણ હજીયે એટલા જ જીવંત લાગે છે.



તો વળી સોમનાથનો એ દરિયા કિનારો, પાણીની લહેરો, ઠંડી હવા, હવામાં ઉડતા તેમના ખુલ્લા વાળ... કપાળમાં સંધ્યાના સૂર્ય જેવો મોટો ગોળ લાલ ચાંદલો. ચહેરા ઉપર ભાષા અને સંસ્કૃતિનું તેજ, કાળા કાજળથી ઘેરાયેલી અને ઘુંટાયેલી ઊંડી ગૂફા જેવી એમની બન્ને આંખો, હોઠ પર ફરકતું સ્મિત, લાલ કેસરી રંગની બુટ્ટાદાર ભારે સિલ્કની સાડી ... આવા દૈવીત્વથી ભરેલા વ્યક્તિત્વની ખોટ આજે માત્ર એમના પરિવાર કે સાહિત્ય જગતને જ નહી પણ સમગ્ર પ્રકૃતિને પડી છે. કેમ કે આવા વ્યક્તિત્વ સદીઓમાં માંડ માંડ એકાદ બે જન્મતા હોય છે.

આમ જન્મતાની સાથે ''અશુભ'' છોકરીનો અભિશાપ લઈને છેક ભારતીય જ્ઞાનપીઠ સુધી પહોંચનાર ડૉ. ઈન્દિરા ગોસ્વામી આજે આપણી વચ્ચે નથી પરંતુ એમના ઘરનો બેઠકખંડ, દિવાલો પર લટકતી મોટી મોટી તસવીરો, મોનાલિસાનું આકર્ષક ચિત્ર, સન્માનપત્રો, એવોર્ડો અને ભેટ સોગાદો તથા પુસ્તકોની વચ્ચે એમનો ચહેરો હસતો ને હસતો... પરંતુ એમની બન્ને કાળી ભમ્મર આંખોમાં મને આજે પણ દેખાયા કરે છે વેદનાના ઊંડા મહાસાગર, બ્રહ્મપુત્રનું ખાલી ખખડતું એકાંત અને એમના ખુલ્લા વાળ જાણે કે તૂટેલી વેદનાની કાળાશ બનીને એમની આસપાસ ઊડ્યા કરે છે. અને ચહેરા પર એ જ છલકતી વીસ પચ્ચીસ વર્ષની તાજગી, જેમનું સર્જન કરીને ઈશ્વર પણ ગૌરવ અનુભવે એવી શક્તિ, સૌન્દર્ય અને પીડાથી ભરપુર ડૉ. ઈન્દિરા ગોસ્વામી આજે આપણી વચ્ચે ભલે હયાત નથી પણ એમના શબ્દદેહની સુવાસથી આકાશમાં લાલિમા છવાઈ જશે અને સમગ્ર પ્રકૃતિનું સંવેદનતંત્ર પણ ધબકતું થઈ જશે.